પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૪૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૭-૧૦-૨૦૨૨ સોમવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વડાપ્રધાન મોદીએ દેશના ૭૫ જિલ્લામાં ૭૫ ડિજિટલ બેંક યુનિટનું ઉદ્‌ઘાટન કર્યું

# અમારો ઉદ્દેશ્ય બેંક્િંગ સિસ્ટમમાં સુધારો, મજબૂતી અને પારદર્શિતા લાવવાનો છે : વડાપ્રધાન મોદી



નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતમાં બેક્િંગ સુવિધાઓ દેશના છેવાડાના વ્યક્તિ સુધી લઈ જવાના ઉદ્દેશ્ય સાથે ૭૫ ડિજિટલ બેક્િંગ યુનિટ્‌સ લોન્ચ કર્યા છે. PM મોદીએ સવારે ૧૧:૦૦ વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જમ્મુ અને કાશ્મીરના ૨ ડિજિટલ બેક્િંગ એકમો સહિત દેશના ૭૫ જિલ્લાઓમાં ૭૫ ડિજિટલ બેક્િંગ યુનિટનું ઉદ્‌ઘાટન કર્યું છે.

આ અવસર પર પીએમ મોદીએ કહ્યું કે, તમામ દેશવાસીઓને શુભકામનાઓ, બેક્િંગ સેક્ટર અને આરબીઆઈના તમામ કર્મચારીઓને હું અભિનંદન આપું છું. ડિજિટલ બેક્િંગ યુનિટ એ આધુનિક ભારત તરફનું એક પગલું છે. આ સેવાઓ કાગળ, લેખન અને અન્ય મુશ્કેલીઓથી મુક્ત રહેશે. આ ડિજિટલ બેક્િંગ સેવાઓ પહેલા કરતા વધુ સરળ બનશે. ગામડાથી શહેર, નાના શહેરમાં પૈસા મોકલવા માટે લોન લેવા સુધી બધું સરળ થઈ જશે.

પીએમ મોદીએ કહ્યું કે, અમારો ઉદ્દેશ્ય બેક્િંગ સિસ્ટમમાં સુધારો, મજબૂત અને પારદર્શિતા લાવવાનો છે. લોકોનું સશક્તિકરણ એ અમારી સરકારનું ધ્યેય છે બેંકો પોતે ગરીબોના ઘરે જશે તે માટે આપણે બેંક અને ગરીબો વચ્ચેનું અંતર ઓછું કરવું પડશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, અમે બેંકિંગ સેવાઓને દૂર-દૂર સુધી, ઘર-ઘર સુધી લઈ જવાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. આજે ભારતના ૯૯%થી વધુ ગામડાઓમાં ૫ કિમીની અંદર કોઈને કોઈ બેંક શાખા, બેક્િંગ આઉટલેટ અથવા બેક્િંગ મિત્ર છે. ડિજિટલ બેક્િંગ યુનિટ્‌સ એ દિશામાં એક બીજું મોટું પગલું છે જે ભારતીયોના જીવનને સરળ બનાવવા માટે દેશમાં ચાલી રહ્યું છે. આ એક ખાસ બેંકિંગ સિસ્ટમ છે જે ન્યૂનતમ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે મહત્તમ સેવાઓ આપવાનું કામ કરશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, અમે બેંકિંગ સેવાઓને દૂર-દૂર સુધી, ઘર-ઘર સુધી લઈ જવાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. આજે ભારતના ૯૯%થી વધુ ગામડાઓમાં ૫ કિમીની અંદર કોઈને કોઈ બેંક શાખા, બેક્િંગ આઉટલેટ અથવા બેક્િંગ મિત્ર છે. ડિજિટલ બેક્િંગ યુનિટ્‌સ એ દિશામાં એક બીજું મોટું પગલું છે જે ભારતીયોના જીવનને સરળ બનાવવા માટે દેશમાં ચાલી રહ્યું છે. આ એક ખાસ બેંકિંગ સિસ્ટમ છે જે ન્યૂનતમ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે મહત્તમ સેવાઓ આપવાનું કામ કરશે.

ડિજિટલ બેંકિંગ એકમોની રજૂઆત સાથે, તમારે હવે એકાઉન્ટ ખોલવા, પાસબુક પ્રિન્ટ કરવા, વિવિધ બેંક યોજનાઓમાં રોકાણ કરવા અને લોન માટે બેંકમાં જવાની જરૂર નહીં રહેશે. હવે આ સુવિધા ઘરની નજીક જ ઉપલબ્ધ થવા જઈ રહી છે.આ વર્ષે બજેટ ભાષણમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીમાં દેશના ૭૫ જિલ્લામાં ૭૫ ડિજિટલ બેક્િંગ યુનિટ ખોલવાની ઘોષણા કરી હતી. વડાપ્રધાન મોદીએ ઉમેર્યું હતું કે, ભારતના સામાન્ય માણસને સશક્ત બનાવવો છે, તેને મજબૂત બનાવવો છે, તેથી અમે સમાજના છેલ્લા પડાવ પર ઉભેલા વ્યક્તિને ધ્યાનમાં રાખીને નીતિઓ બનાવી છે અને આખી સરકાર તેની સુવિધા અને પ્રગતિના માર્ગ પર ચાલી છે. આ એક ખાસ બેંકિંગ સિસ્ટમ છે, જે ન્યૂનતમ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે મહત્તમ સેવાઓ પ્રદાન કરવા માટે કામ કરશે.પીએમ મોદીએ કહ્યું કે ભાજપ સરકારે એક સાથે બે વસ્તુઓ પર કામ કર્યું છે. પ્રથમ, બેંકિંગ સિસ્ટમમાં સુધારો કરવામાં આવ્યો છે, મજબૂત કરવામાં આવ્યો છે, પારદર્શિતા લાવવામાં આવી છે અને બીજું નાણાકીય સમાવેશ કરવામાં આવ્યો છે.

## હવે ભાડુઆતોએ પણ ૧૮ ટકા GST ભરવો પડશે!




નવીદિલ્હી,

જીએસટીને લઈને સતત સમાચાર આવી રહ્યા છે. જુલાઈ મહિનામાં જીએસટીના નવા નિયમો પણ લાગુ કરવામાં આવ્યા છે. જો તમે કોઈપણ રહેણાંક મિલકતમાં ભાડા પર રહેતા હોવ તો તમારે ભાડા ઉપરાંત ૧૮% જીએસટી ચૂકવવો પડશે. ખરેખર, આ સમાચાર ફરી એકવાર વાયરલ થઈ રહ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે ભાડા સિવાય ભાડુઆતને ૧૮% GST પણ ચૂકવવો પડશે. ચાલો નવીનતમ અપડેટ્‌સ જાણીએ.

સોશિયલ મીડિયા પર આ સમાચાર ફરી વાયરલ થઈ રહ્યા છે કે ભાડા સિવાય ભાડુઆતને ૧૮% જીએસાટી પણ ચૂકવવો પડશે. પીઆઈબી ફેક્ટ ચેકે આ વાયરલ મેસેજની તપાસ કરી હતી. આ પછી પીઆઈબીએ આ સમાચારને નકલી ગણાવ્યા. આપીઆઈબી ફેક્ટ ચેકે સ્પષ્ટ કર્યું છે કે મકાન ભાડા પર ૧૮% જીએસટીના સમાચાર સંપૂર્ણપણે ખોટા છે. એટલું જ નહીં, તમને જણાવી દઈએ કે આ અંગે સરકારનું નિવેદન પણ સામે આવ્યું છે.

અગાઉ એક ટ્‌વીટમાં પીઆઈબીએ જણાવ્યું હતું કે, "રહેણાંક એકમનું ભાડું ત્યારે જ કરપાત્ર છે જ્યારે તેને વ્યવસાય કરવા માટે જીએસાટી રજિસ્ટર્ડ કંપનીને ભાડે આપવામાં આવે." વધુમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે જો કોઈ વ્યક્તિ તેને વ્યક્તિગત ઉપયોગ માટે ભાડે લે છે તો તેના પર કોઈ જીએસટી ચૂકવવો પડશે નહીં.

સરકાર દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, જો કોઈ વ્યક્તિ તેના વ્યવસાયના હેતુ માટે રહેણાંક મિલકત ભાડે આપે છે, તો તેણે GST ચૂકવવો પડશે. અગાઉ, જ્યારે કોઈ વ્યક્તિ કોમર્શિયલ કામ માટે ઓફિસ અથવા બિલ્ડિંગ ભાડે લેતો હતો, ત્યારે જ તેણે લીઝ પર જીએસટી ચૂકવવો પડતો હતો. વાસ્તવમાં જીએસટીની બેઠક બાદથી લોકો વધેલા દરનો વિરોધ કરી રહ્યા છે.

નિષ્ણાતોના મતે, જો કોઈ સામાન્ય પગારદાર વ્યક્તિએ રેસિડેન્શિયલ મકાન અથવા ફ્લેટ ભાડા પર લીધો હોય, તો તેને ૪જી્ ચૂકવવો પડતો નથી. જ્યારે જીએસટી-રજિસ્ટર્ડ વ્યક્તિ અથવા સંસ્થા જે વ્યવસાય કરે છે, જો તેઓ રહેણાંક મકાન અથવા ફ્લેટ ભાડે લે છે, તો માલિકને ભાડા પર ૧૮ ટકા GST ચૂકવવો પડશે.

## સરકારે ૨ કરોડથી વધુ કાર્ડ રદ કર્યા

નવીદિલ્હી,

હાલમાં, દેશભરમાં મફત રાશનની સુવિધા આપવામાં આવી રહી છે અને સરકાર આ યોજનાને આગામી ૩ મહિના સુધી લંબાવવાનું પણ વિચારી રહી છે. સંસદમાં ગત દિવસોમાં સરકારે જણાવ્યું હતું કે ૨૦૧૭થી ૨૦૨૧ સુધીમાં દેશમાં ડુપ્લિકેટ, અયોગ્ય અને નકલી ૨ કરોડ ૪૧ લાખ રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા છે. આ મફત રાશન યોજનામાં ઘણા અયોગ્ય લોકોએ આ સુવિધાનો લાભ લીધો હતો અને હવે રાજ્ય સરકારે કાર્ડની ચકાસણી શરૂ કરી છે.

ઉત્તર પ્રદેશના અન્ન અને પુરવઠા કમિશનર માર્કંડેય શાહીએ તમામ કલેક્ટર અને જિલ્લા પુરવઠા અધિકારીઓને સૂચનાઓ આપી છે. ફૂડ કમિશનર અનિલ કુમાર દુબે તરફથી કહેવામાં આવ્યું છે કે લાભાર્થીઓ દ્વારા આપવામાં આવતી માહિતી સમયાંતરે બદલાતી રહે છે. આ સંદર્ભે અવાર-નવાર રેશનકાર્ડમાં અયોગ્ય લોકોના નામ સમાવવાની ફરિયાદો મળે છે. અયોગ્ય કાર્ડ ધારકો માટે, ઝુંબેશ રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ ૨૦૧૩ હેઠળ ચલાવવામાં આવે છે. અંત્યોદય અને યોગ્ય ઘરગથ્થુ રેશનકાર્ડ ધારકોની ચકાસણી ૩૦ દિવસમાં પૂર્ણ કરવામાં આવશે. અયોગ્ય જણાતા લાભાર્થીઓને બદલે પાત્ર લોકોને રેશનકાર્ડ આપવામાં આવશે.

તમને જણાવી દઈએ કે જો તમે તમારું રેશન કાર્ડ અત્યારે કેન્સલ નથી કર્યું તો વેરિફિકેશન પછી ફૂડ ડિપાર્ટમેન્ટની ટીમ તેને કેન્સલ કરશે. આવા લોકો સામે કાર્યવાહી પણ થઈ શકે છે.

જો તમારી પાસે તમારી પોતાની આવકમાંથી ૧૦૦ ચોરસ મીટરનો પ્લોટ/ફ્લેટ અથવા મકાન હોય, ફોર વ્હીલર વાહન/ટ્રેક્ટર, હથિયારનું લાઈસન્સ, ગામમાં બે લાખથી વધુની કુટુંબની આવક અને શહેરમાં વાર્ષિક ત્રણ લાખની આવક હોય તો આવા લોકોએ તહસીલમાં તેમનું રેશનકાર્ડ મેળવો અને ડીએસઓ ઓફિસમાં સરન્ડર કરવું પડશે.

સરકાર સમયાંતરે રેશનકાર્ડની ચકાસણી કરે છે. ગત દિવસોમાં સરકારે સંસદમાં માહિતી આપી હતી કે ૨૦૧૭થી ૨૦૨૧ સુધીમાં દેશમાં ડુપ્લિકેટ, અયોગ્ય અને નકલી ૨ કરોડ ૪૧ લાખ રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા છે. તેમાંથી યુપીમાં લગભગ ૧ કરોડ ૪૨ લાખ કાર્ડ રદ કરવામાં આવ્યા છે.



# લુણાવાડા ખાતે પોકસો એકટ-૨૦૧૨ અવેરનેસ કેમ્પઈનનના અન્વયે મેગા લીગલ શિબીર યોજાયો

મહીસાગર,
જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,મહીસાગર-લુણાવાડા દ્વારા મહીસાગર જિલ્લા વકીલ મંડળના સહયોગથી પોકસો એકટ-૨૦૧૨ અવેરનેસ કેમ્પઈનનના અન્વયે મેગા લીગલ સીબીર નામદાર હાઈકોર્ટ ઓફ ગુજરાતના જસ્ટિસ અને GSLSAના એક્ઝિક્યુટિવ ચેરપર્સન સોનિયાબેન ગોકાણી અને નામદાર હાઈકોર્ટ ઓફ ગુજરાતના જસ્ટિસ મોનાબેન ભટ્ટની ઉપસ્થિતમાં બેતાલીસ પાટીદાર સમાજઘર, લુણાવાડા ખાતે કાર્યક્રમ યોજાયો.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

બાળકોને જાતિય ગુનાહ સામે રક્ષણ આપતો કાયદો પોક્સો એકટ-૨૦૧૨ અંગે જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. જેના અનુસંધાને મહીસાગર જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના ઉપક્રમે બાલાસિનોર, લુણાવાડા, સંતરામપુર, કડાણા, બાકોર અને વીરપુર તાલુકા કાનુની સેવા સમિતિઓ દ્વારા સમગ્ર જિલ્લામાં માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક સ્કૂલોમાં ૨૬ સપ્ટેમ્બર થી ૨૦ ઓકટોબર સુધી જાગૃતિ કાર્યક્રમો ચાલી રહયા છે અને આ અભિયાનનો ૯ થી ૧૨ ધોરણમાં ભણતા બાળકો શિબિરો દ્વારા બહોળો લાભ લઈ રહયા છે. જેમાં મહીસાગર જિલ્લામાં અત્યાર સુધી ૨૬૯ સ્કુલ કોલેજોમાં શિબિરો કરવામાં આવી. તેમાં કુલ ૩૯૬૩૭ બાળકોને પોકસો એકટ ૨૦૧૨ અન્વયે કાયદાની સમજ આપવામાં આવી છે.

આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનો દ્વારા બાળકોને પોકસો એક્ટ-૨૦૧૨ ની માહિતી આપવામાં આવી હતી.અને બાળકોને મદદ માટે ચાઈલ્ડલાઈન, અભયમ-મહિલા હેલ્પ લાઈન,પોલીસ જેવી અલગ અલગ હેલ્પલાઈન નંબર વિશે બાળકોને જાણકારી આપવામાં આવી.

આ શિબિરમાં જિલ્લા મુખ્ય ન્યાયાધીશ મહીસાગર-લુણાવાડા એચ.એ.દવે, પોલીસ વડા આર.પ. બારોટ, પૂર્વ કલેકટર ડો.મનીષકુમાર, સભ્ય સચિવ gslsa અમદાવાદ આર.એ. ત્રિવેદી, અધિક જિલ્લા ન્યાયાધીશ મહીસાગર-લુણાવાડા એમ.એમ.પટેલ, પ્રમુખ બાર એસોસિએશન મહીસાગર-લુણાવાડા એ.કે.પટેલ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લુણાવાડા તાલુકાના મલેકપુર ચોકડી ઉપર લાઈટ ટાવરનું આખરે ધારાસભ્યએ ઉદ્દઘાટન કર્યું

લુણાવાડા,
લુણાવાડા તાલુકાના મલેકપુર ચોકડી પર આવેલ લાઈટનો ટાવરનું ઉદઘાટન કરવામાં આવ્યું. છેલ્લા એક વર્ષથી જે મલેકપુર બજારમાં જે લાઈટનો ટાવર બંધ હતો. ઘણાં સમયથી તેનો ઉદઘાટન નહોતું કરવામાં આવ્યું, લાઈટનો ટાવર ચાલુ થતા જ મલેકપુરવાસીઓમાં ખુશી જોવા મળી હતી. દુકાનદારોને તેમજ વાહન ચાલકોને તકલીફ ના પડે એ માટે મલેકપુર ચોકડી ઉપર આ ટાવરનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જે છેલ્લા એક વર્ષથી લાઈટનો ટાવર નાખ્યો તો હતો, પણ ઉદઘાટનની રાહ જોવામાં આવી હતી. ત્યારે મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના મલેકપુર ચોકડી પર મુકવામાં આવેલ સ્ટ્રીટ લાઈટના થાંભલાનુ ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક ઉપસ્થિતીમાં ઉદઘાટન કરવામાં આવ્યુ હતું. આમ, મલેકપુર ચોકડી પર સ્ટ્રીટ લાઈટના થાંભલાઓનું ઉદઘાટન થતા આજુબાજુના પંથકના ગામડાઓ ખુશીનો માહોલ છવાયો હતો. આમ, મલેકપુર ચોકડી પર આવેલ સ્ટ્રીટ લાઈટના થાંભલાના ઉદઘાટનમાં પુજા-અર્ચના અરવિંદભાઈ પંડ્યા દ્વારા કરવામાં આવી હતી અને લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવકના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આમ, આ ઉદઘાટનમાં મલેકપુરના ભાજપના કાર્યકર્તા વિકાસભાઈ પંડ્યા, ભરતભાઈ બારીયા, દેવાભાઈ, દિગ્વિજયસિંહ સિસોદિયા તેમજ બીજા પણ કાર્યકર્તાઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમજ આજુબાજુ ગ્રામ પંચાયતના સરપંચો પણ મોટી સંખ્યામાં મલેકપુરના ગ્રામજનો પણ ઉપસ્થિત રહ્યા હતા. તસ્વીરમાં મલેકપુર બજારમાં લાઈટના ટાવરનું ઉદઘાટન કરતા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક તસ્વીરમાં નજરે પડે છે.



# શહેરા ખાતે સહકારી ખરીદ વેચાણ સંઘના નવનિર્મીત મકાનનું લોકાર્પણ કરાયું

શહેરા,
શહેરા તાલુકા મથક ખાતે આવેલ ધી શહેરા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘનુ ૮૦ લાખના ખર્ચે તૈયાર થયેલ નવનિર્માણ મકાનનું સંઘના ચેરમેનના હસ્તે લોકાર્પિત કરવામાં આવ્યુ હતું. અંદાજિત ૪૨૫૦ સ્કેર ફુટના ક્ષેત્રફળમાં ૮૦ લાખ ઉપરાંતના ખર્ચે અદ્યતન સુવિધા સાથે મકાનનું નવનિર્માણ ઉભું કરવામાં આવ્યું છે.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકામાં વિધાનસભા ચૂંટણીની તારીખ જાહેર થાય તે પહેલાં ધારસભ્યના હસ્તે ખાતમુહૂર્ત, લોકાર્પણના વિવિધ કાર્યક્રમો થઈ રહ્યા છે. જ્યારે તાલુકા મથક ખાતે આવેલ ધી શહેરા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘનું ૬૨ વર્ષ જૂનું મકાન જર્જરિત થતા સંઘના ચેરમેન અને ધારાસભ્યની સૂચના અન્વયે ગત વર્ષે ઈટેન્ડરની પ્રક્રિયા દ્વારા બાંધ કામનો ઈજારો આપવામાં આવ્યો હતો. અંદાજીત ૪૨૫૦ સ્કેરફુટના ક્ષેત્રફળમાં ૮૦ લાખ ઉપરાંતના ખર્ચે અદ્યતન સુવિધા સાથે મકાનનું નવનિર્માણ ઉભું કરવામાં આવ્યું છે. જેમાં નીચેના ભાગે ૭ દુકાનો અને ખાતર માટેનું ગોડાઉન તો ઉપરના ભાગે સંઘના કામકાજ માટેની ઓફીસ એક હોલ અને બે દુકાનો બનાવવામાં આવી છે. રવિવારના રોજ ખરીદ વેચાણ સંઘના ચેરમેન જેઠાભાઈના હસ્તે તક્તીનું અનાવરણ કરી લોકાર્પિત કરવામાં આવ્યું હતું. તો અન્ય હોલ,ગોડાઉન તેમજ અન્ય દુકાનોની રીબીન કાપી ખુલ્લા મુકવામાં આવ્યા હતા. પોતાના પ્રાસંગિક પ્રવચનમાં તાલુકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન એ ભાજપ સરકારની વિકાસની ગાથા રજૂ કરી હતી. ભાજપની સરકાર છેવાડાના માનવી સુધી પહોંચી સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળે તેના માટે સતત પ્રયત્નશીલ રહેતી હોય છે. લોકાર્પણ પ્રસંગે વાઈસ ચેરમેન પ્રવિણસિંહ ડી. સોલંકી, પંચમહાલ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ જીજ્ઞેશભાઈ પાઠક, તાલુકા ખરીદ વેચાણ સંઘના મેનેજર વિજયભાઈ ભટ્ટ, જિલ્લા પંચાયત કારોબારી સભ્ય દુધાભાઈ, જિલ્લા પંચાયત સદસ્ય ડો.કિરણસિંહ બારીયા, પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલયના રતન દીદી,જિલ્લા પંચાયત સદસ્ય વિનુભાઈ નાયક, ભાજપ અગ્રણી ભદ્રસિંહ ઠાકોર, જશુંભાઈ સહિત જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સભ્યો ભાજપનાકાર્યકરો અને તાલુકાની વિવિધ સેવા સહકારી મંડળીઓના સભાસદો ઊપસ્થિત રહ્યા હતા.

# મહિસાગર જીલ્લાના તમામ મદદનિશ નોડલ અધિકારીઓની જીલ્લા મુખ્ય ચુંટણી અધિકારી અધ્યક્ષતામાં બેઠક યોજાશે

મહિસાગર,
અગામી વિધાનસભા ચુંટણી સંદર્ભે આદર્શ આચારસંહિતાની પૂર્વ તૈયારીના ભાગરૂપે આજ રોજ બપોરે ૧૨:૦૦ કલાકે તમામ મદદનીશ નોડલ અધિકારીઓ સાથે આચાર સહિતાની તાલીમ જિલ્લા પંચાયત મીટીંગ હોલ ખાતે જીલ્લા મુખ્ય ચુંટણી અધિકારી-જીલ્લા કલેકટરની અધ્યક્ષતામાં યોજાશે.

ઉપરોકત મિટીંગમાં આચારસહીતા લાગુ થયે મહિસાગર જીલ્લામાં ભારતીય ચુટ ણી પંચના નિયમો મુજબ તમામ બાબતનુ પાલન થાય તથા કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જળવાઈ રહે તે અંગે તમામ મદદનીશ નોડલ અધિકારીઓ યોગ્ય રજુઆત સાથે માર્ગદર્શન આપવામાં આવશે.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

**સંતરામપુર નગરના મહુડી ફળિયા અજગરનો રેસ્કયું કરવામાં આવ્યું. સંતરામપુર નગરના મહુડી ફળિયામાં વન વિભાગ અને નેચર હેલ્થ ફાઉન્ડેશન દ્વારા અજગરનું રેસ્કયુ કરવામાં આવેલું હતું અને માતરીયા જંગલમાં અજગરને છોડવામાં આવેલો હતો.**

# સંતરામપુરમાં ગૌ સેવા મંડળ દ્વારા એક માસમાં ૨૭૦ પશુઓની સારવાર કરવામાં આવી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરમાં રખડતા પશુ અને ગ્રામ્ય વિસ્તારોમાં વિસ્તારોમાં લંપી વાયરસના કેસોનું સતત વધારો થઈ રહ્યો હતો. ત્યારે ગૌસેવા મંડળ અને ક્ષેત્રફળ મંડળ વિવિધ મંડળો ભેગા થઈને સેવાભાવી કાર્ય કરવાની ભાવનાથી એક મહિનામાં ૨૭૦ જેટલા બીમાર પડેલા પશુઓના સંતરામપુર અને ગ્રામ્ય વિસ્તારોમાં બિલકુલ ફ્રી સેવા આપવામાં આવેલી હતી. જેમાં ગૌ સેવા મંડળના કામ કરતા યુવાનો તમામે પોતાનો કોન્ટેક નંબર નગર અને ગ્રામ્ય વિસ્તારોમાં સંપર્ક કરવા માટે આપવામાં આવેલો હતો. રાત-દિવસ ગમે ત્યારે પણ કોઈ પણ જગ્યાએ પશુ બીમાર હાલતમાં જોવાઈ ફોન આવતા તૈયારીમાં તાત્કાલિક સેવા શરૂ કરી દેતા હોય છે. હાલમાં રખડતા પશુઓમાં લમ્પી વાયરસ ના કારણે પશુઓની ખવડાવવા માટે ગોળ હળદર મરીની રોટલીઓ અન્ય વિવિધ વસ્તુઓ બનાવીને પશુઓની ખવડાવવાની પણ કામગીરી હાથ ધરી હતી. છેલ્લા એક માસથી પશુઓની ગૌ સેવા મંડળ દ્વારા સેવા પૂરી પાડીને એક માનવતા વ્યકત કરીને સેવાના સહભાગી બન્યા હતા.

# ફતેપુરા તાલુકાના સુખસર પંથકમાં વધતા જતા લમ્પી વાયરસના રોગમાં સપડાતા પશુઓને બચાવવા પશુ ચિકિત્સકોની સજાગતા જરૂરી

ફતેપુરા,
ફતેપુરા તાલુકાના સુખસર પંથકમાં લમ્પી વાયરસમાં સપડાતા પશુઓની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે. તેમજ કેટલાક પશુઓના મરણ પણ થઈ રહ્યા છે. ત્યારે લમ્પી વાયરસની સારવાર આપવા બંધાયેલા જવાબદારો દ્વારા સત્વરે ધ્યાન આપી પશુઓમાં લમ્પી વાયરસનો રોગચાળો કાબુ બહાર જાય તે પહેલા સજાગ બનવાની જરૂરત જણાવી રહી છે.


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકાના સુખસર પંથકમાં આવેલા નાના-મોટા, બોરીદા, કાળિયા તથા અન્ય ગામડાઓમાં હાલ લમ્પી વાયરસની બીમારીમાં અનેક પશુઓ સપડાયેલા છે. કેટલાક પશુઓ દવા સારવારથી સાજા થઈ જાય છે. જ્યારે કેટલાક પશુઓના મોત પણ નીપજવા પામેલ છે. પંથકમાં અનેક પશુપાલકો દવા સારવાર કરાવવાનું બાજુ ઉપર રાખી દોરા, ધાગા અને પાણી મંત્રાવી લમ્પી વાયરસમાં સપડાયેલા પશુઓને બચાવવાના પ્રયત્નો કરી રહ્યા હોવાનું પણ જાણવા મળે છે. ત્યારે સ્થાનિક તાલુકા જિલ્લા તંત્રો દ્વારા ધ્યાન આપી પશુઓની સમયસર સારવાર કરી રોગમાં સપડાયેલા પશુ સાજા થાય તથા વધતા રોગચાળા ઉપર કાબુ મેળવવા કામે લાગી જવાની ખાસ હોવાનું જણાય છે.
અહીંયા જણાવવું જરૂરી છે કે, લમ્પી વાયરસ એક ત્વચા રોગ છે અને આ રોગમાં સપડાયેલા પશુના સંપર્કમાં અન્ય પશુ આવે તો અન્ય પશુ સંક્રમિત થઈ શકે છે. તેમજ આ બીમારી મચ્છરોના કરડવાથી થતી હોવાનું કહેવાય છે. આ રોગમાં સપડાયેલ પશુના લક્ષણોમાં જોઈએ તો પશુને તાવ આવવો, વજનમાં ઘટાડો થવો, આંખો માંથી પાણી ટપકવું, મોઢા માંથી લાળ પડવી, શરીર ઉપર દાણા નીકળવા, દૂધ ઓછું આપવું, ભૂખ નહી લાગવી વિગેરે લક્ષણો છે.

સંક્રમિત થયેલ પશુને સાદા પાણીથી નવડાવવું, લીમડાના પાન, તુલસીના પાન, લસણની કળી, કાળી મરચી, જીરા, હળદર, ડુંગળી વગેરે ગોળમાં મેળવી સવાર સાંજ ૧૦ થી ૧૪ દિવસ સુધી ખવડાવવાથી લમ્પી વાયરસથી સંક્રમિત પશુમાં સુધારો થઈ શકે છે. જોકે, આ રોગનો ઠોસ ઈલાજ નથી. પરંતુ હાલ વેક્સિન દ્વારા આ રોગ ઉપર કાબુ મેળવવાના પ્રયત્નો કરવામ આવી રહ્યા છે.

લમ્પીગ્રસ્ત પશુને અલગ રાખવું, માખી, મચ્છર વિગેરેનો નાશ કરવો, પશુનું મૃત્યુ થતા તેના શબને ખુલ્લી જગ્યામાં નહીં ફેકતા ઊંડો ખાડો પાડી દાંટવું તથા જે વિસ્તારમ પશુઓમાં આ રોગના લક્ષણ જણાય ત્યાં જંતુનાશક દવાનો છંટકાવ કરાવવો જોઈએ.

અહીંયા જણાવવું જરૂરી છે કે, પ્રથમ આ રોગ ૧૯૨૮-૨૯ માં આફ્રિકાના મહાદ્વીપ જાંબિયામ આ વાયરસ સામે આવ્યો હતો અને સમગ્ર આફ્રિકા દેશમાં ફેલાયો હતો. ત્યારબાદ અન્ય દેશોમાં આ રોગ ફેલાયો હતો. જેમાં અનેક પશુઓન મરણ નિપજ્યા હતા. જ્યારે ભારતમ આ રોગે ૧૯૯૫ માં દેખા દીધી હતી અને હાલ આ રોગ ગ્રામ્ય વિસ્તારોન છેવાડાના વિસ્તાર સુધી ફેલાઈ રહ્યો છે. જેથી પશુપાલકોએ પોતાના પશુને આ રોગના લક્ષણો જણાય તો સમયસર તાત્કાલિક સારવાર કરાવી લેવી જોઈએ.

# લીમખેડાના મોટી બાંડબાર ગામે બંધ મકાન માંથી ૧.૪૮ લાખની ચોરી કરી જતાં તસ્કરો

દાહોદ,
દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના મોટી બાંડીબાર ગામે એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી તિજોરી અને પેટી તોડી અંદરથી સોના ચાંદીના દાગીના વિગેરે મળી કુલ રૂા. ૧,૪૮,૦૦૦ની મત્તાની ચોરી કરી લઈ નાસી જતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

દાહોદ જિલ્લામાં દિન પ્રતિદિન તસ્કરોનો બેફામ બેફામ બની રહ્યાં છે. તસ્કરોની ટોળકી દાહોદ જિલ્લામાં તરખાટ મચાવી રહી છે. તસ્કરો દ્વારા પ્રાથમીક શાળાઓને પણ નિશાન બનાવાતાં શાળા સંચાલકોમાં પણ રોષ ભભુકી રહ્યો છે. તસ્કરો જાણે ખુલ્લે આમ પોલીસ તંત્રને પડકાર આપતી હોય તેમ જિલ્લામાં બેફામ ચોરીઓને અંજામ આપી રહી છે. ત્યારે વધુ એક મકાનને તસ્કરોએ નિશાન બનાવતાં વિસ્તારમાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામ્યો છે. ગત તા.૧૫મી ઓક્ટોમ્બરના રોજ દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના મોટી બાંડીબાર ગામે આમલી ફળિયામાં રહેતાં પ્રદિપભાઈ પ્રમોદભાઈ સાધુના બંધ મકાનમાં તસ્કરોએ રાત્રીના કોઈપણ સમયે પ્રવેશ કર્યો હતો અને મકાનના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી મકાનમાં મુકી રાખેલ તિજોરી અને લોખંડની પેટી તોડી અંદર મુકી રાખેલ સોનાનો સેટ, સોનાની ચેઈન, સોનાની બુટ્ટી, સોનાના ઝુમકી, સોનાના કાપ, સોનાની સેલર, ચાંદીના છડા, ચાંદીની વિછુડી વિગેરે મળી કુલ રૂા. ૧,૪૮,૦૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો અંધારાનો લાભ લઈ નાસી જતાં આ સંબંધે પ્રદિપભાઈ પ્રમોદભાઈ સાધુએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ પેસેન્જર ગૃપ દ્વારા દાહોદ રેલ્વે સ્ટેશન થી ઉપડતી-પસાર થતી બંધ રેલ સુવિધા ને ફરી શરૂ કરવા રજૂઆત કરાઈ

દાહોદ,
દાહોદ રેલ્વે સ્ટેશન મધ્ય પ્રદેશ અને રાજસ્થાન રાજયનાં સરહદ નજીક આવેલ હોઈ આસપાસનાં લોકો દિલ્હી, મુંબઈ, કલકતાં અને મદ્રાસ તરફ જતા મુસાફરો, રોજગારીની શોધ માટે રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરત,ભરૂચ અને અન્ય વિકસતા વિસ્તારો માં મોટા પ્રમાણમાં આવ-જા કરતા મજદૂરો, નોકરિયાતો અને નાના-મોટા ધંધા સાથે સંકળાયેલ વ્યાપારીઓને પડી રહેલ પારાવાર મુશ્કેલીઓને નિવારવા, રેલ્વે સુવિધાઓ ઉપલબ્ધ બને અને રેલ્વેની આવકમાં વધારો થાય તે માટે કોરોના કાળમાં બંધ થયેલ દાહોદ-વલસાડ સુપર ફાસ્ટ ઈન્ટર સિટી, જનતા એક્સપ્રેસ, સાંજે ૪.૦૦ કલાકે વડોદરા તરફ જતી દાહોદ-વડોદરા મેમુ, બપોરે ૧૨.૦૦ કલાકે દાહોદ-આણંદ જતી મેમુ ટ્રેન દાહોદ રેલ્વે સ્ટેશન થી શરૂ થતી ટ્રેન નો પુનઃપ્રારંભ કરવા, બંધ થયેલ ટ્રેનોને ફરી ચાલુ કરવા તેમજ પસાર થતી ટ્રેનોનાં નવા સ્ટોપેજ આપવા અને ઘણા લાંબા સમયથી બંધ પડેલ ગોદી રોડ સાઈડની ટીકીટ બારી ને જલ્દી ચાલુ કરવા માટે રજૂઆત કરતો પત્ર મંડલ પ્રબંધક, રતલામ મંડલને ઉદ્દેશીને લખેલ પત્ર દાહોદ રેલ્વે સ્ટેશનના સ્ટેશન અધિક્ષકને રેલ્વે દ્વારા અપ ડાઉન કરતા પેસેન્જર ગૃપનાં સદસ્યો દિલીપ ત્રિપાઠી, રાયસિંહ હઠીલા,હીરાલાલ સોલંકી, છગનભાઈ પરમાર, બહાદુરસિંહ વર્મા, મનોજ પરમાર, રતનસિંહ બામણિયા, ઘમુભાઈ પંચાલ, દેવાભાઈ રાઠોડ અને ભૂપતસિંહ રાઠોડ દ્વારા રજૂઆત કરાઈ હતી.

# દાહોદ શહેરમાં આવેલ બસ સ્ટેશન વિસ્તાર ખાતે એક ભીક્ષુક મરણ હાલતમાં મળી આવતાં પોલીસે તપાસ હાથ ધરી

દાહોદ,
ગત તા.૧૫મી ઓકટોમ્બરના રોજ દાહોદ શહેરના સ્ટેશન રોડ ખાતે એક ચાહની દુકાનની બાજુમાં એક અજાણ્યો ભીક્ષુક પુરૂષ, ભીખ માંગીને ખાતો મરણ હાલતમાં મળી આવતાં આ મામલાની જાણ સ્થાનીક લોકોએ નજીકની પોલીસને કરવામાં આવતાં દાહોદ ટાઉન પોલીસ દ્વારા આ મૃતક ભીક્ષુકના મૃતદેહની નજીકના દવાખાને મોકલી આપ્યો હતો અને આ સંબંધે પદમીની પ્રકાશ યશવંતપ્રકાશ બ્રાહમણ દ્વારા દાહોદ ટાઉન પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**દેવગઢ બારીયા નગરમાં વોર્ડ નંબર-૫ વિસ્તારમાં આવેલ પૌરાણિક મુરલીધરન રણછોડરાયજી મંદિરમાં જવાના રસ્તા પર નગરપાલિકા દ્વારા ૧૬ લાખ રૂપિયાના ખર્ચે આરસીસી રસ્તો તથા પેવર બ્લોકની કામગીરી શરૂ કરવામાં આવી છે. દિવાળી સુધીમાં મંદિરમાં તમામ કામગીરી પૂર્ણ કરવામાં આવશે.**



## આપની આજ.......

મેષ : આજે ભાગ્ય તમને ટેકો આપશે અને કોઈ નવી ડીલથી અચાનક નાણાકીય લાભ મળશે. ઘરમાં પત્ની અથવા બાળકોના અચાનક બગડતા સ્વાસ્થ્યને કારણે થોડો તણાવ હોઈ શકે છે.

વૃષભ : આજનો દિવસ શુભ છે અને કોઈ કામમાં સફળતા મળવાથી તમે ખુશ થશો. હાથમાં મોટી રકમ મેળવવાથી સંતોષ રહેશે. દિવસની શરૂઆતમાં પત્ની સાથે ચાલી રહેલા વિવાદનો અંત આવી શકે છે.

મિથુન : આજનો દિવસ તમારા માટે થોડો પરેશાનીવાળો હોઈ શકે છે અને કાર્યક્ષેત્રમાં અધિકારીઓ સાથેની દલીલને કારણે આજે તમારો તણાવ વધી શકે છે. વેપારીઓમાં કોઈની સાથે વિવાદ થઈ શકે છે.

કર્ક : આજે મેષ રાશિના લોકો માટે ખૂબ જ શુભ દિવસ છે અને આજે મહત્વાકાંક્ષી સ્વભાવવાળા લોકોને વિશેષ લાભ મળશે અને તેમની મનોકામના પૂર્ણ થશે. મુસાફરી પર જવું ફાયદાકારક રહેશે.

સિંહ : આજે તમારું મન અસ્વસ્થ રહેશે અને તમને કોઈ કામ કરવાનું મન થશે નહીં. આજે તમે કોઈ જૂની વાત વિશે વિચારીને અસ્વસ્થ થઈ શકો છો અને તમે મનમાં દુઃખી થશો.

કન્યા : આજનો દિવસ મુશ્કેલ રહેશે અને આસપાસનું વાતાવરણ પણ થોડું નકારાત્મક બની શકે છે. તમે તમારા ધૈર્ય અને નરમ વર્તનથી વાતાવરણને હળવું કરી શકશો. તમારા પ્રિયજનને મદદ કરવામાં થોડો ભાગદોડ થઈ શકે છે.

તુલા : આજનો દિવસ તમારા માટે ભાગ્યશાળી છે અને તમને તમારા જીવનસાથી અને વ્યવસાયમાં ભાગીદારોનો સહયોગ મળશે. આજે સારા કાર્યોમાં તમારી રુચિ વધશે. જીવનસાથી સાથે મળીને તમે તેમના કામમાં મદદ થશો.

વૃશ્ચિક : આજે તમારા સ્વભાવને કારણે તમારો અડધો દિવસ અન્ય લોકોનું ભલું કરવામાં અને તેમના માટે ભાગદોડમાં પસાર થશે. સાંજે તમે તમારા અને તમારા પરિવાર માટે સમય આપવામાં સમર્થ હશો.

ધનુ : આજે મિશ્રિત પરિણામનો દિવસ બની શકે છે. આજે સમાજમાં તમારી છબી સુધરશે અને તમને કંઈક કરવા પ્રેરણા મળશે જે બીજાના હિત સાથે સંબંધિત હશે.

મકર : તમારા માટે આજનો દિવસ આનંદદાયક છે. વિદ્યાર્થીઓને આજે સફળતા મળશે અને બેરોજગાર લોકોને પણ આજથી ગમે ત્યાંથી સારા સમાચાર મળી શકે છે. ઉદ્યોગપતિઓનું કામ ફરી એકવાર આગળ વધી શકે છે.

કુંભ : આજે તમને સારી સંપત્તિ મળી શકે છે અને ભાગ્ય પણ તમારો સાથ આપી શકે છે. સમાજમાં તમારી રાજ્ય-પ્રતિષ્ઠા વધશે અને તમે જે વિચાર્યું તે બધું થઈ રહ્યું છે તે જોઈને તમને આનંદ થશે. તમારી જવાબદારીઓ વધવાના કારણે આજે થોડીક અયોગ્ય પરિસ્થિતિ ઊભી થઈ શકે છે.

મીન : ગણેશજી કહે છે, આજે તમારે કોઈ પણ સ્થળે તૈયાર થઈને જવું પડી શકે છે. પરંતુ ધ્યાનમાં રાખો કે, આજે ખોટા વિવાદથી દૂર રહો અને આજે બપોરે કાયદાકીય વિવાદ અથવા કેસમાં વિજય તમારા માટે ખુશીનું કારણ બની શકે છે. આજે તમારા શુભ ખર્ચ અને ખ્યાતિમાં વધારો થશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ શહેર કેરેવાન ફાટકડા અને જનરલ સ્ટોર્સની દુકાનને પ્રાંત અધિકારીએ સીલ કરી દેતાં ચકચાર




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
ભૂતકાળમાં પણ અનેક વિવાદોમાં રહેલા અને દાહોદ જિલ્લામાં સૌથી મોટા તેમજ નામાંકિત ફટાકડાના અને જનરલ સ્ટોર, સ્ટેશનરીની દુકાન ધરાવતા વેપારીની ફટાકડા તથા જનરલ સ્ટોરની દુકાનને દાહોદના પ્રાંત અધિકારીએ સીલ મારી દેતા દાહોદ શહેરમાં ચકચાર મચી જવા પામી છે. ત્યારે ફટાકડાના વેપાર કરતા અન્ય વેપારી તેમજ પરવાનેદારોમાં એક પ્રકારનો ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. પ્રાંત અધિકારીની આકસ્મિક મુલાકાતમાં પરવાનાંમાં દર્શાવેલી શરતોનો ખુલ્લેઆમ ભંગ થયેલો અને મંજુર વજન કરતા અનેક ગણો વધારે જથ્થો મળી આવવાનો તથા જગ્યાના માપ કરતા વધુ લોકોની હાજરી જોખમીરીતે જણાઈ આવેલી હતી. એટલું જ નહી દુકાનની અંદર વીજ લાઈન પણ ખુલ્લી જણાઈ આવતા અને સમગ્ર પરિસરમાં ફાયર સેફટી અંગેની કોઈ સુવિધા કે સાધનો ન જણાઈ આવતા સક્ષમ અધિકારી દ્વારા સીલ ખોલવાની પરવાનગી ન મળે ત્યાં સુધી દુકાન બંધ રાખવાની અને અન્ય કોઈ પ્રવૃતી ન કરવાની નોટિસ આપવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ શહેરમાં અગામી દિવાળીના તહેવારોને અનુલક્ષીને ફટાકડા પરવાનેદારોની આકસ્મિક તપાસણી અને ફેરણી પ્રાંત અધિકારી એન.બી.રાજપૂત તેમજ એમની ટીમને ટ્રાફિકથી ધમધમતા તેમજ મસમોટા વાણિજ્ય મથક એવા યશ માર્કેટ સ્થિત કેરેવાન ફટાકડા તેમજ જનરલ સ્ટોરની મુલાકાત લેતાજ પ્રથમ નજરેજ ચોકી ઉઠયા હતા. કેરેવાન ફટાકડા સ્ટોર પહોંચેલા પ્રાંત અધિકારીએ પરવાનો માંગતા તેમજ સામાન્ય સંજોગોમાં પરવાનામાં દર્શાવેલ અનેક શરતોનો ભંગ જણાઈ આવતા પ્રાંત અધિકારી એન.બી. રાજપૂતએ તાત્કાલિક અસરથી દુકાનમાં વધુ સંખ્યામાં જણાતા ગ્રાહકોને બહાર મોકલી વધુ તપાસ હાથ ધરી હતી અને તપાસ દરમિયાન પરવાનામાં દર્શાવેલ વજન કરતા અનેક ઘણો વધારોનો જથ્થો સ્ટોર કરેલો મળી આવ્યો હતો. એટલુંજ નહી આ ફટાકડા સ્ટોરની પ્રીમાઈસીસમાં ફાયર સેફટીના તેમજ અન્ય સલામતીના કોઈ સાધન સામગ્રી અને અન્ય કોઈ સિસ્ટમ જણાઈ આવેલ ન હતી. એટલુંજ નહી દુકાનમાં ઈલેક્ટ્રિકના ખુલ્લા જોખમી વાયરો પણ અકસ્માત કરી શકે તેવી સ્તિથીમાં જોવા મળ્યું હતું. તો કેટલાક ફટાકડા એના બોક્સમાં નહી મૂકી અને ખુલ્લા મુકેલા મળી આવતા પ્રાંત અધિકારી એન.બી.રાજપુતે દુકાનને સીલ માર્યું હતું તથા સક્ષમ અધિકારીનો હુકમ ના થાય ત્યાં સુધી સીલ મારેલી દુકાનને નોટીસ જારી કરી દેતા ત્યારે આ વાત શહેરના અન્ય ફટાકડા વેપારીઓમાં પહોંચતા ફટાકડાના પરવાનેદારોમાં એક પ્રકારનો ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. તો શહેરના મસમોટા વેપારીને ત્યાંજ સીલ મારી દેવાતા પંથકમાં ચકચાર મચી જવા પામ્યો છે. આવનારા તહેવારો પહેલા સીલ મારાયેલી વેપારીની દુકાન અને ફટાકડાનો જથ્થો છૂટો કરવામાં આવશે કે, કેમ તે અંગે પણ અનેક તર્ક વિતર્કો વહેતા થવા પામ્યા છે. તેવા સંજોગોમાં સંબંધિતો કયા અને કેવા પ્રકારના પગલાં લે છે, એ સોએ જોવું રહ્યું.

## દાહોદ શહેર સહિત જીલ્લામાં દિવાળી તહેવારમાં ફરસાણ-મીઠાઈની દુકાનોમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ તપાસ કરે તે જરૂરી

દાહોદ,
ગણતરીના દિવસોમાં દિવાળીનો તહેવાર આવી રહ્યો છે. ત્યારે દાહોદ શહેર સહિત જિલ્લામાં ફરસાણ અને મીઠાઈના દુકાનદારો દ્વારા પણ પુરજોશમાં તૈયારીઓ આરંભ કરી દીધી છે. જિલ્લામાં ફરસાણ અને મીઠાઈની દુકાનોમાં ગુણવત્તાવાળી ખાદ્ય ચીજ વસ્તુઓનું વેચાણ થઈ રહ્યું છે કે, નહીં તે મામલે આરોગ્ય વિભાગ સુસજ્જ બની તપાસનો ધમધમાટ આરંભ કરે તે અત્યંત આવશ્યક છે. દાહોદ જિલ્લામાં ફરસાણ અને મીઠાઈની હાટડીઓ વાર તહેવારે લાગી જતી હોય છે પરંતુ આવી હાટડીઓ અને દુકાનોમાં લોકોના આરોગ્ય માટે સાથે ચેડા તો નથી થઈ રહી તે માટે આરોગ્ય તંત્ર દ્વારા ખાણીપીણીની ચીજ વસ્તુઓની તપાસ હાથ ધરવામાં આવે તે જરૂરી છે.

આગામી દિવાળીના તહેવારને પગલે ગુજરાતના અનેક શહેરો સહિત મહાનગરોમાં આરોગ્ય તંત્ર દ્વારા જુદા જુદા વિસ્તારોમાં મીઠાઈ, ફરસાણની દુકાનોમાં સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરી ફરસાણ અને મીઠાઈના નમુનાઓ લેવામાં આવી રહ્યાં છે અને કામગીરી કરવામાં આવી રહી છે. મીટાઈ, ફરસાણ, બેસન, ઘી, તેલ, રો-મટીરીયલ્સ વિગેરેનું ઉત્પાદન તેમજ વેચાણ કરતાં મેનુફેક્ટરીંગ યુનિટો, મોલ, મિઠાઈ, ફરસાણની દુકાનો, હોલસેલ, રિટેલ યુનિટોમાં ઈસ્પેક્શન કરી સેમ્પલો લેવામાં આવી રહ્યાં છે, તેમજ મીઠાઈઓમાં બેસ્ટ બી-ફોર ડેટનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. ત્યારે દાહોદ શહેર સહિત જિલ્લામાં પણ આરોગ્ય તંત્ર દ્વારા દિવાળીના તહેવારને દયાનમાં રાખી તેમજ પ્રજાની આરોગ્યની સુખાકારીને દયાનમાં રાખી આરોગ્યની ટીમ દ્વારા દાહોદ જિલ્લામાં આવેલ મીઠાઈ, ફરસાણની ટીમોની દુકાને સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરી ખાદ્ય ચીજોના નમુના લેવામાં આવે તે અત્યંત જરૂરી છે. દાહોદ જિલ્લામાં વાર તહેવારો ઠેર ઠેર મીઠાઈઓ અને ફરસાણની દુકાનો અને હાટડીઓ લાગી જતી હોય છે. ત્યારે આ મીઠાઈ અને ફરસાણ લોકો માટે ખાવા લાયક છે કે નહીં તે બાબતનું દ્યાન રાખવું પણ આરોગ્ય તંત્રની જવાબદારી બને છે. ઘણી વખતે ખાદ્ય ચીજોમાં ભેળસેળવાળી ખાદ્ય સામગ્રીનો ઉપયોગ કરવાથી લોકોના સ્વાસ્થ્યને હાનીકારક સાબીત થતાં હોય છે. દુકાનદારો દ્વારા ગમે તેવી ખાદ્ય ચીજ વસ્તુઓનો ઉપયોગ કરી લોકોના સ્વાસ્થ્ય સાથે પણ ચેડા કરતાં હોય છે. પૈસાની કમાણી કરી લેવા કેટલાંક વેપારીઓ અને દુકાનદારો દ્વારા લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા થતી હોય છે. આવા સમયે આરોગ્ય તંત્ર દ્વારા મીઠાઈ અને ફરસાણની દુકાનોમાં ચેકીંગ હાથ ધરવામાં આવે તે અત્યંત જરૂરી છે.

## ગરબાડા તાલુકાના દાહોદ હાઈવે પર રામ ડુંગરા નજીક અકસ્માત સર્જાયોઃ અકસ્માતમાં બે વ્યકિતઓના મોત


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,
ગરબાડા તાલુકાના રામડુંગરા નજીક દાહોદ અલીરાજપુર હાઈવે પર સાંજના સુમારે પુરપાટ આવતી ઈકો ફોર વહીલર ગાડીએ એક મોટર સાઈકલને અડફેટે લેતાં મોટર સાઈકલ સવાર બન્ને વ્યક્તિઓના ઘટના સ્થળે પ્રાણ પખેરૂ ઉડી જવા પામ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગરબાડા તાલુકાના ગરબાડા દાહોદ-અલીરાજપુર હાઈવે પર અવારનવાર વાહન ચાલકોની ગફલત તેમજ બેદરકારી લીધે અકસ્માત સર્જાઈ રહ્યા છે. આ હાઈવે પર દિન પ્રતિદિન માર્ગ અકસ્માતના બનાવવામાં વધારો થતા જોવા મળી રહ્યો છે. ત્યારે હાઈવે પર આજરોજ વધુ એક માર્ગ અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. જેમાં ગરબાડા-દાહોદ હાઈવે પર રામડુંગરા નજીક પુરપાટ જતી ઈકોકારના ચાલકે ટુ-વ્હીલર ગાડીને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક પર સવાર બે વ્યકિતઓ રોડની સાઈડમાં ફંગોળાતા બંને વ્યકિતઓ ઈજાગ્રત થતા તેઓ ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માતની જાણ થતા પોલીસ પણ ઘટના સ્થળે આવી ગઈ હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## દે.બારીયામાં ધમધમતા દારૂના અડ્ડા કયારે અને કોણ બંધ કરાવશે ખરા...???

દે.બારીયા,
દે.બારીયા શહેરના ધર્મશાળા પાછળ તેમજ સરદાર પોલીસ ચોકીના ૨૦૦ મીટરની રેન્જમાં તેમજ સંચાગલીના નાળા સામેના ટેકરા ઉપર મોતીપુરા, નાયક્વાડા, ખોખા બજાર તથા પાદરમાં છુપી રીતે દેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા હોવાની આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

મળતી માહિતી મુજબ દે.બારીયા શહેરમાં અનેક અનદરના વિસ્તારોમાં છુપી રીતે મોટા પાયે અને ઘણાં સમય થી દેશી દારૂના ધામ ચાલી રહ્યા હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. પોલીસ તંત્ર આ ગેરકાનુની ચાલતા ગાંધીના ગુજરાતમાં દારૂબંધીને દ્યાને લઈને તપાસ હાથ કરવામાં આવે તેવી શહેરમાં ધર્મશાળા પાછળના વિસ્તારમાં રાણીવાવ તેમજ નગર પાલિકાના પાછળનો વિસ્તાર તેમજ ભે દરવાજા બહાર મોતીપુરામાં ખોખા બજાર અને પાદરમાં ગુરકાનુની રીતે દેશી દારૂના અડ્ડા પાછલા કેટલા સમયથી વેપલો બુટલેગરો બિન્દાસ રીતે ચલાવી રહ્યા છે. પોલીસ તંત્ર આ ગેરકાનુની અને ગરીબ ભોળા અનપઢ વ્યકિતઓની જાનના સાથે ચેડા કયાં સુધી ચલાવાશે તે મોટો સવાલ ઉપસ્થિત થયો છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, બે થી ત્રણ માસના અગાઉ પોલીસ તંત્રએ ઓચિંતી રેઈડ પાદર અને ખોખા બજારમાં પાડી અને લીટર દેશી દારૂ રસક્ટ અખાદ્ય ગોળનું બનાવેલું દારૂ પડવામાં પણ આવ્યો હતો. તો પણ આ ગેરકાનુની અડ્ડાઓ ફરી સક્રિય થઈ ગયા છે. તેની ઉપર ઓચિંતી રેઈડ ક્યારે પાડવામાં આવશે તેવું શહેરની આમ જનતા પૂછી રહી છે. તેમજ શહેરમાં અનેક ઠેકાણે ઈંગ્લીશ દારૂના કવાટરીયા હોમ ડીલવરીના દ્વારા પહોંચાડાય છે. કોની રહેમ નજર તે આમ જનતામાં ગણગણાટ છે, સાથે ચર્ચાનો મુદ્દો બનવા પામ્યો છે. દિવાળીના પર્વને દ્યાને લઈને દે.બારીયાનું બાહોશ પોલીસ તંત્ર આળસ ખંખેરી ગેરકાનુની ચાલતા આઠ થી દશ અડ્ડાના મોતના સોદાગરોને કયારે જબ્બે કરાશે ? ગાંધીજીના ગુજરાતમાં કેટલી દારૂબંધીનું અમલીકરણ થઈ રહ્યું છે.

## દે.બારીયાના વાડોદર ગામના જંગલ માંથી પરણિત મહિલાનો મૃતદેહ મળી આવતાં ચકચાર

દાહોદ,
દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના વાડોદર ગામના જંગલમાંથી એક પરણિત મહિલાની લાશ મળી આવતાં વિસ્તારમાં ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો હતો. આ મહિલાએ આત્મહત્યા કરી કે પછી તેની હત્યા કરવામાં આવી હશે ? જેવા અનેક સવાલો સાથે પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.

પંચમહાલ જિલ્લાના મોરવા હડફ ગામે રસુલપુર ગામે રહેતાં દક્ષાબેન ધર્મેન્દ્રકુમાર પટેલની લાશ દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના વાડોદર ગામના જંગલમાંથી ગત તા.૧૫મી ઓક્ટોમ્બરના રોજ મળી આવી હતી. ઘટનાની જાણ સ્થાનીક લોકોને થતાં સ્થાનીક લોકો દ્વારા આ મામલે નજીકની પોલીસને જાણ કરતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. મૃતક દક્ષાબેનના મૃતદેહની નજીકના દવાખાને પીએમ અર્થે મોકલી આપવામાં આવ્યાં હતાં. પંચમહાલની મહિલા દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆના વાડોદરના જંગલમાં કેવી રીતે આવી પહોંચી ? મહિલાએ આત્મહત્યા કરી હશે કે પછી તેની કોઈકે હત્યા કરી હશે ? જેવા અનેક સવાલો સ્થાનીક લોકો તેમજ પોલીસ તંત્રમાં ઉઠવા પામ્યાં છે.

આ સંબંધે પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાના રસુલપુર ગામે રહેતાં સુમિત્રાબેન મુકેશભાઈ બારીઆએ પીપલોદ પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ફતેપુરા મામલતદાર કચેરીના સભાખંડમાં ચૂંટણીના અનુલક્ષીને મિટીંગ યોજાઈ


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,
ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા મામલતદાર કચેરીના સભાખંડમાં આવનાર દિવસોમાં યોજાનાર ગુજરાત વિધાનસભાની ૧૨૯-ફતેપુરા વિધાનસભા ચૂંટણીને અનુલક્ષીને ૧૨૯ ફતેપુરા વિધાનસભા ચૂંટણી અધિકારી અને નાયબ કલેકટર મદયાન ભોજનને અધ્યક્ષતામાં મીટીંગ યોજવામાં આવેલ હતી. જેમાં મદદનીશ અધિકારી અને મામલતદાર ફતેપુરા ડીંડોર મદદનીશ અધિકારી અને મામલતદાર સંજેલી તેમજ વિવિધ ટીમોના કર્મચારીઓ અધિકારીઓ હાજર રહ્યા હતા. ૧૨૯-વિધાનસભાની વિધિમાં જેમ કે, ફલાઈંગ સ્કોવોડ એક્સ પેન્ડિચર ટીમ વિડિયો સર્વેલન્સ ટીમને તાલીમ આપવામાં આવેલ હતી. જેમાં તાલીમાર્થીઓ હાજર રહ્યા હતા.

## દાહોદ જીલ્લાના અંતરિયાળ વિસ્તારમાં ૧૦૮ ટીમે સર્ગભા મહિલાની સફળ પ્રસૃતિ કરાઈ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ જિલ્લાના આંતરિયાળ વિસ્તારમાં સગર્ભા મહિલા માટે દેવદૂત બનીને આવેલી ઈમરજન્સી ૧૦૮ સેવાના કર્મચારીઓએ સગર્ભા મહિલાની એમ્બયુલન્સમાં સફળતા પૂર્વક પ્રસુતી કરાવી હતી. તેમજ જન્મબાદ બાળકની હાલત નાજુક જણાતા તાબડતોડ નજીકના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જઈ સારવાર અપાવતા માતા અને બાળક સ્વસ્થ જણાતા એમ્બયુલન્સના કર્મચારીઓ અને હોસ્પિટલના તબીબોએ હાશકારો લીધો હતો.

દાહોદ જિલ્લાના આંતરિયાળ વિસ્તારમાં હવે પ્રસુતાંના કેસો ક્રિટીકલ કન્ડિશનમાં પણ સફળ નીવડી રહ્યા હોવાના અનેક કિસ્સાઓ સ્થાનિક કક્ષાએ તેમજ ઉપલબ્ધ આરોગ્ય સેવાઓના શકય બન્યા છે. ત્યારે દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાની આમલી ગરબાડા ગામે પ્રસુતાના કેસમાં પહોંચેલી ઈમરજન્સી સેવા ૧૦૮ની એમ્બયુલન્સની ટીમે માતા તથા બાળકી બન્નેને બચાવી લીધા છે.૧૦૮ ની ટીમના જણાવ્યા અનુસાર તેઓને પુરા મહિના ધરાવતી ૩૧ વર્ષીય કોકિલાબેન અજીતભાઈ ભાભોરને પ્રસુતાંની પીડા ઉપડતા દાહોદ લોકેશનની ઈમરજન્સી ૧૦૮ સેવાના કર્મચારી EMT શુશીલાબેન પટેલ અને પાઈલોટ પ્રવીણભાઈ સંગાડા આંબલી ગરબાડા ખાતે પહોંચ્યા હતા. જયાં પહોંચી તપાસ દરમિયાન કોકિલાબેનને બીજી વખત ગર્ભ રહેલો જણાવાયું હતું. જયારે પહેલી ડિલિવરી વખતે તેમણે તકલીફ જણાતા પહેલું બાળક ઑપરેશનથી લેવામાં આવ્યું હતું.જેથી આ બીજું બાળક નોર્મલ કરાવવું મુશ્કેલ લાગ્યું પરંતુ ૧૦૮ ના કર્મચારીઓએ ખુબ જ પીડાથી કણસતી કોકિલાબેનની સારવાર શરૂ કરી આશ્ચર્ય સાથે એમ્બયુલન્સમાં જ નોર્મલ ડિલિવરી કરાવી હતી. પરંતુ નોર્મલ ડિલિવરીથી થયેલ શકશન સાથે ન રડતા એણે નજીકના જેસાવાડા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પહોંચાડી સારવાર અપાવી હતી. ડો. જે. ડી. ના નિર્દેશનમાં બાળક તથા પ્રસુતાંની સરવાર કરી CHC સેન્ટર ખાતે રાખી રડાવ્યું હતું અને માતાને પણ ઓક્સિજન સાહિતની સારવાર આપી સામાન્ય કરી હતી. આમ, માતા અને બાળક બન્નેને સંપૂર્ણ સ્વસ્થ કરી ૧૦૮ ઈમરજન્સી સેવાના કર્મચારીઓએ ઉત્તમ સેવાનો દાખલો પૂરો પાડયો છે. ત્યારે ૧૦૮ ના કર્મચારીઓની નિષ્ઠાપૂર્વક સેવાને નજરે જોનાર પ્રસુતાં મહિલાના પરીવારજનોએ ૧૦૮ ના કર્મચારીઓની કામગીરીને બિરદાવી આભાર વ્યકત કર્યો હતો.






Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.49

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર




# ગોધરા એક્સ- રે હાઉસ વાળી બિલ્ડીંગને આખરે પાલિકાએ પોલીસની હાજરીમાં મોડી રાતે સીલ કરી

**પાલિકાની બિલ્ડીંગ શૈક્ષણિક હેતુ માટે આપેલ હોય તેનો કોર્મશીયલ ઉપયોગ કરી ટ્રસ્ટ તગડું ભાડું વસુલતું હતું.**





> ગોધરા નગર પાલિકા કબ્જા હેઠળની બિલ્ડીંગ વર્ષ ૧૯૬૩ ની સાલમાં ૨૦ વર્ષના એક રૂપિયાના ટોકન ભાડા પેટે નૂતન વિદ્યા મંદિરને શૈક્ષણિક સંસ્થા ચલાવવા માટે આપી હતી. જે ૧૯૮૩ માં ભાડા પટ્ટો પૂરો થયો એ પછી નગરપાલિકા દ્વારા આગળ ભાડા પટ્ટો રીન્યુ કરવામાં આવ્યો ન હતો. ત્યાબાદ બિલ્ડિંગનો કબ્જો નગર પાલિકાને પરત આપવાને બદલે વર્ષ ૨૦૧૭ ની સાલમાં ટ્રસ્ટ દ્વારા ભાડા કરાર કરીને એક્સ-રે હાઉસને આ મિલ્કત ભાડે આપી દીધી હતી અને ટ્રસ્ટ દ્વારા એક્સરે હાઉસ પાસેથી દર મહીને ૧.૧૧ લાખ જેટલું ભાડું વસૂલ કરવામાં આવી રહ્યું હતું.

ગોધરા,
ગોધરા શહેર નગર પાલિકા રોડ ઉપર આવેલ એક્સ-રે હાઉસના મેનેજમેન્ટ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી નીતિ નિયમો વિરૂદ્ધ કબ્જો મેળવી દીધો હતો. બિલ્ડીંગનો કબ્જો સોંપવા માટે કોર્ટનો આદેશ હોવા છતાં એક્સ-રે હાઉસના મેનેજમેન્ટ કબ્જો સોંપવા માંગતા ન હોય ત્યારે આખરે ગોધરા નગર પાલિકા ટીમે મોડી રાતના સમયે પોલીસને સાથે રાખીને એક્સ-રે હાઉસવાળી બિલ્ડીંગને સીલ કરવામાં આવ્યું.

ગોધરા શહેર નગર પીલકા કચેરી રોડ ઉપર આવેલ પાલિકાની મિલ્કતવાળા બિલ્ડીંગને ૧૯૬૩ના વર્ષમાં ૨૦ વર્ષ માટે ટોકન ભાડા થી નૂતન વિદ્યા મંદિર નામની શૈક્ષણિક સંસ્થાને આપવામાં આવ્યું હતું. ૨૦ વર્ષના ભાડા પટ્ટો પુરો થતાં પાલિકા દ્વારા પટ્ટો રીન્યુ કરવામાં આવ્યો ન હતો. ત્યારબાદ નૂતન વિદ્યા મંદિરવાળા બિલ્ડીંગનો કબ્જો પાલિકાને પરત આપવાના સ્થાને ૨૦૧૭માં ટ્રસ્ટ દ્વારા ભાડા કરાર કરીને એક્સ-રે હાઉસને આ બિલ્ડીંગવાળી મિલ્કત ભાડે આપવામાં આવી હતી અને પાલિકાની મિલ્કતનું ટ્રસ્ટ દ્વારા મહિને ૧.૧૧ લાખ રૂપીયા ભાડુ વસુલવામાં આવતું હતું. એક્સ-રે હાઉસવાળી પાલિકાની બિલ્ડીંગનો કબ્જો મેળવવા માટે પાલિકા કોર્ટમાં રીટ દાખલ કરી હતી. જેમાં નામદાર કોર્ટ દ્વારા એક્સ-રે હાઉસવાળી બિલ્ડીંગનો કબ્જો સોંપવાના હુકમ કરવા છતાં એક્સ-રે હાઉસના મેનેજમેન્ટ બિલ્ડીંગનો કબ્જો સોંપવા તૈયાર ન હતું. શૈક્ષણિક હેતુ માટે આપેલ બિલ્ડીંગનો કોર્મશીયલ ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો અને આ મિલ્કત બાબતે પાલિકા દ્વારા લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધાવામાં આવ્યો હતો. આ કેસ બાબતે ગોધરા પ્રાંત અધિકારી દ્વારા બિલ્ડીંગનો કબ્જો પાલિકાને સોંપવાનો હુકમ કર્યો હતો. પ્રાંત અધિકારીના હુકમ સામે એક્સ-રે હાઉસ મેનેજમેન્ટ ગોધરા કોર્ટમાં અપીલ કરાઈ હતી. તે અપીલ કોર્ટે ફગાવી દેતાં ગોધરા પ્રાંત અધિકારીએ પાલિકાને બિલ્ડીંગનો કબ્જો લેવા હુકમ કરવામાં આવ્યો હતો. તેમ છતાં એક્સ-રે હાઉસ મેનેજમેન્ટ કબ્જો નહિ સોંપતા ૧૫ ઓકટોમ્બરના રોજ મોડી રાત્રીના સમયે ગોધરા નગર પાલિકા ચીફ ઓફિસર સહિતની ટીમ એક્સ-રે હાઉસવાળી બિલ્ડીંગનો કબ્જે લેવા જતાં એક્સ-રે હાઉસ મેનેજમેન્ટ સાથે ઘર્ષણ થતાં પાલિકા ચીફ ઓફિસરે પોલીસ બોલાવીને પોલીસની હાજરીમાં એક્સ-રે હાઉસવાળી બિલ્ડીંગને સીલ મારવામાં આવ્યું હતું. પાલિકા તંત્રને એક્સ-રે હાઉસવાળી મિલ્કતનો કબ્જો લેવા માટે ભારે મથામણ કરવી પડી હતી.

# પંચમહાલમાં આવેલ ગૌરવ યાત્રામાં કેન્દ્રીય મંત્રી વી.કે. સિંહ એ કોંગ્રેસ-આપ પાર્ટી પર પ્રહાર

## ગૌરવ યાત્રાનું જીલ્લામાં ઠેર-ઠેર ભવ્ય સ્વાગત કરાયું



ગોધરા,
એક પાર્ટી જૂઠાણાં થી જ પેદા થઈ છે અને બીજી પરીવારવાદ કેજરીવાલે દારૂના ઠેકા આપી દિલ્હી બર્બાદ કર્યું. કેન્દ્રિય મંત્રી વી.કે. સિંહએ પંચમહાલ ખાતેના ગૌરવ યાત્રા કાર્યક્રમ દરમીયાન આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ પર પ્રહાર કર્યા.

કેન્દ્રિય વાહન વ્યવહારના અને AVSN મંત્રી વી.કે.સિંહની આગેવાની હેઠળ નીકળેલ ગૌરવ યાત્રા પંચમહાલ જિલ્લામાં પ્રવેશ કરતા બીજેપીના સ્થાનિક નેતાઓ અને કાર્યકરો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. હાલોલના બાસ્કા ખાતે ભવ્ય સ્વાગત સાથે ગૌરવ યાત્રાનું આગમન થયું. હાલોલ મુકામે સભા સંબોધન દરમીયાન આમ આદમી પાર્ટી પર પ્રહાર કર્યા કેજરીવાલ સરકાર એક સારી સ્કુલ બનાવી અસંખ્યા સ્કુલો ખોલ્યાનો દાવો કરે છે. દારૂના સંખ્યાબંધ ઠેકા આપી દિલ્હી બર્બાદ કર્યુ, સાથે રાજકીય પાર્ટી એટલે જોડાવવાનું પસંદ કર્યું કે બીજેપીની વિચાર ધારા અને સેનાની વિચારધારા એક સરખી પહેલાં આંતકવાદી હુમલા વખતે માત્ર નિંદા થતી હતી હવે મોદી સરકાર નિંદા નહી ઘરમાં જઈને મારે છે અને નહિ માનો તો યુધ્ધમાં ખતમ કરી દેવાની પાકિસ્તાન ચેતાવણી નરેન્દ્ર મોદી એ આપી છે.

બાઈક રેલી સાથે ગૌરવ યાત્રા કાલોલ વિધાનસભા મત વિસ્તારમાં પહોંચી હતી. ત્યારબાદ ગોધરાના મેહંદી બગ્લોઝ ખાતે પહોંચી, જયાં સભા સંબોધન કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ ગૌરવ યાત્રામાં સ્થાનિક સાંસદ ધારાસભ્ય સહીત મોટી સંખ્યામાં પાર્ટીના કાર્યકરો જોડાયા હતા. ગૌરવ યાત્રા ગોધરા મુકામે રાત્રી રોકાણ બાદ ૧૭ મીએ શહેરા મત વિસ્તારના ખાંડીયા મુકામે પહોંચશે. ત્યાર બાદ મહિસાગર જીલ્લા તરફ રવાના થશે.

# શહેરા તાલુકાના ગામોમાં ૧૪ કરોડના ખર્ચે બનનાર ૭ રસ્તાઓનું ધારાસભ્યના હસ્તે ખાતમુર્હત કરાયું



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા તાલુકાના વિવિધ ગામોમાં રૂપિયા ૧૪ કરોડ ઉપરાંતના ખર્ચે બનનાર ૭ જેટલા રસ્તાઓનું ખાતમુહૂર્ત ધારાસભ્યની ઉપસ્થિતિમાં ગામના પદાધિકારીઓ દ્વારા કરાયું હતું. નવીન બનનાર ૭ રસ્તાના ખાતમુહુર્ત પ્રસંગે સરપંચો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો સહિત ભાજપ અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આગામી દિવસોમાં ગુજરાત વિધાનસભાની ચુંટણી યોજાનાર છે. ત્યારે શનિવારના રોજ પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ઉંમરપુર, ધરોલાખુર્દ, દલવાડા, ડેમલી, તાડવા અને બાહી જેવા ગામોમાં રૂપિયા ૧૪ કરોડ ૬૮ લાખ ઉપરાંતના ખર્ચે બનનાર ૭ જેટલા રસ્તાઓનું ખાતમુહૂર્ત ગુજરાત વિધાનસભા ઉપાધ્યક્ષ અને શહેરાના ધારાસભ્ય જેઠાભાઈની ઉપસ્થિતિમાં જે તે ગામના સરપંચો સહિતના પદાધિકારીઓના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં ઉંમરપુર બારીયા ફળિયા આંબારીયાથી આંબાજટીને જોડતો રસ્તો, ધરોલાખુર્દ વાઘનાળા ફળિયા ખોડિયાર મંદિર થી ધરોલાખુર્દ પ્રાથમિક શાળાને જોડતો રસ્તો, ધરોલાખુર્દ, આંટા ફળિયા થી સ્મશાન રોડ, દલવાડા, ડોડીયાણી થી ભેંસાલને જોડતો રસ્તો, ડેમલી આંબાજટીથી તાડવા વણકરવાસ તેમજ તાડવા ચારણ ફળીયા થી વરિયાલ નવી વસાહત પ્રાથમિક શાળા થઈને બામરોલી ચોકડી અને બાહી તળાવની પાળ થી સાકરીયા ગામને જોડતા રસ્તો આમ, ૭ જેટલા રસ્તાનો સમાવેશ થાય છે. શહેરા તાલુકામાં અલગ-અલગ ગામોમાં રસ્તાઓના ખાતમુહૂર્ત કાર્યક્રમ પ્રસંગે જિલ્લા ભાજપ ઉપપ્રમુખ જીજ્ઞેશભાઈ પાઠક, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન કિરણસિંહ બારીઆ, દલવાડા જિલ્લા પંચાયત સભ્ય ભારતીબેન પટેલ, ભાજપ અગ્રણી ભૂપતસિંહ પટેલ, ગોપાલભાઈ આહીર, પર્વતસિંહસિંહ ચૌહાણ, રાકેશ ચૌહાણ, વિક્રમભાઈ પગી, ન્યાય સમિતિ ચેરમેન મણીબેન રાઠોડ, શહેરા માર્ગ અને મકાન વિભાગ પંચાયતના સેક્શન ઓફિસર શીતલબેન પટેલ અને વર્ક આસિસ્ટન્ટ અમરસિંહ પટેલીયા, શહેરા વિધાનસભાના પ્રવાસી પ્રભારી વીરસિંહ પવાર, સુરેશ આર્યજી અને શહેરા તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલીયા, ઉમરપુર સરપંચ રમેશભાઈ મકવાણા, તાલુકા ભાજપ મહામંત્રી સંજય બારીયા, કિરીટભાઈ સહિત જિલ્લા પંચાયત-તાલુકા પંચાયત સભ્યો, તાલુકાના સરપંચો સહિત સંગઠનના હોદ્દેદારો તેમજ કાર્યકરો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## પંચામૃત ડેરીના ચેરમેનએ પશુપાલકોને દિવાળીની ભેટ આપી

શહેરા તાલુકાના ઉંમરપુર ગામે રસ્તાઓના ખાતમુહૂર્ત કાર્યક્રમ પ્રસંગે શહેરા ધારાસભ્ય અને પંચામૃત ડેરીના ચેરમેન જેઠાભાઈ ભરવાડ દ્વારા પશુપાલકોને પ્રતિકીલો ફેટે ચૂકવાતા દૂધના ભાવમાં રૂ.૨૦ નો વધારો કરવાની જાહેરાત કરી પશુપાલકોને દિવાળીની ભેટ આપી હતી. આ પહેલા પંચામૃત ડેરી સાથે સંકળાયેલા પશુપાલકોને પ્રતિકીલો ફેટે દૂધનો ભાવ રૂ.૭૬૦ ચૂકવાતો હતો. જેમાં હવે વધારો કરી તા.૨૧ ઓક્ટોબર થી પશુપાલકોને પંચામૃત ડેરી દ્વારા રૂ.૭૮૦નો ભાવ ચૂકવવામાં આવશે. આ ભાવ વધારાથી પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લાના અઢી લાખ ઉપરાંત દૂધ ઉત્પાદકોને આર્થિક ફાયદો થશે. સાથે આગામી દિવસોમાં પણ ભાવ વધારો કરી ડિસેમ્બર સુધી પશુપાલકોને રૂ.૮૦૦ પ્રમાણે દૂધનો ભાવ ચૂકવવામાં આવશે, તેવી પણ જાહેરાત પંચામૃત ડેરીના ચેરમેન જેઠાભાઈ ભરવાડે કરી હતી.

# ગોધરા બામરોલી રોડ લક્ષ્મીનગરના બંધ મકાનમાં ચોરી કરવા આવેલ તસ્કરો પૈકી એક ઈસમ ઝડપ્યો

ગોધરા,
ગોધરા શહેર બામરોલી રોડ લક્ષ્મીનગર સોસાયટીના બંધ મકાનનું ચોર ઈસમો તાળું તોડવાના પ્રયાસ કરતા હોય દરમિયાન આસપાસના પાડોશી જાગી જઈ બુમાબુમ કરતાં આરોપીઓ પૈકી એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા બામરોલી રોડ લક્ષ્મીનગર સોસાયટીમાં રહેતા પાર્થ દિપકકુમાર શાહના બંધ મકાનને અંદરના ભાગે જાળીમાં મારેલ તાળું રાત્રીના સમયે તોડી અંદરના મેઈન દરવાજો તોડવાનો ચોર ઈસમો પ્રયત્ન કરતા હોય દરમિયાન આજુબાજુના પાડોશીઓ જાગી જઈ બુમાબુમ કરીને ચોર ઈસમોને પડકારી પકડવાની કોશીષ કરી હતી. જેમાં આશીષ રામચંદ્ર વાઘજીભાઈ ડાભી (રહે. બાંસવાડા, ટ્રાન્સપોર્ટ નગર, રાજસ્થાન)ને ઝડપી પાડીને પોલીસને સોંપવામાં આવ્યો હતો. જયારે અન્ય ઈસમો સરવન બગલા મહિલા મોગરાજ ચરપોટા, રમેશ ચરપોટા નાશી છુટીયા હતા. આ બાબતે એ ડીવીઝન પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી.

# ઘોઘંબા જીંજરીમાં ખેડૂતની બગડી ગયેલી ડાંગરનું ઝૂડાણ હાથ આવે તેટલું લણવાની આશાએ કામચલુ કર્યુ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના જીંજરી ગામે વરસાદે ડાંગરનો પાક બગડ્યો હતો. પાણી ઓસરતા ગમીર રાઠવા નામના ખેડૂતે ડાંગર કાપી જે પાક હાથમાં આવે તેટલો લણી લેવાની આશાએ ડાંગર પાકની ઝૂડાણ ચાલુ કરી હતી. ત્યારે ખેડૂત જણાવ્યા મુજબ આ વખતે ડાંગરના પૂળા જ મળશે. ડાંગર બગડી ગઈ હોવાથી ચોખા નિકળશે નહીં તેમજ ઘરના જ લોકોએ મજુરી કરી હોવાથી આ વખતે ડાંગરના પૂળા જ તેમનો નફો છે.

# ગોધરા સમતા ફાઉન્ડેશન દ્વારા હાલોલના બ્લડર ડોનરનું સન્માન કરવામાં આવ્યું



ગોધરા,
ગોધરામાં સમતા ફાઉન્ડેશન દ્વારા બ્લડ ડોનર નીલેશભાઈ મકવાણા હાલોલનું આબેંડકર ભવન ખાતે સન્માન કરવામાં આવવા સાથે તેમની સામાજીક સેવાને બિરદાવામાં આવી હતી.

ગોધરામાં રકતદાન મહાદાન એ મહામંત્રને સાર્થક કરતા ડોનરનું સન્માન કરવામાં આવ્યું છે. સમતા ફાઉન્ડેશન દ્વારા મદય ગુજરાતના વ્યક્તિ વિશેષ સન્માન અને તેજસ્વી તારલાઓમાં સન્માન સમારોહ ડો.આંબેડકર ભવનમાં યોજાયો હતો. જેમાં ૧૦૦ કરતા વધુ દર્દીઓને જુદા જુદા વ્યક્તિઓ દ્વારા બ્લડ અપાવનાર નિલેશભાઈ મકવાણા હાલોલ (નવાગામ)નું વિશિષ્ટ સામાજિક સેવા બદલ મુકેશભાઈ રાઠોડ સાઠંબાના હસ્તે શાલ અને ટ્રોફી આપીને વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. નીલેશભાઈને તેમના સ્નેહીજનો તરફથી સન્માનીત કરવામાં આવવા સાથે તેમની સારી કામગીરીને પણ બિરદાવી હતી.

# કાલોલના ઘુસર ગામે ભૈરવ દાદાના મંદિર જવાના રસ્તાને સાફ કરવામાં આવે તેવી માંગ



કાલોલ,
કાલોલ તાલુકાના ઘુસર ગામમાં આવેલું ભૈરવ દાદાનું મંદિર જ્યા દર વર્ષે કાળીચૌદસના દિવસે હજારો લોકોની ભીડ ભૈરવ દાદાના દર્શન કરવા આવે છે. ત્યારે મંદિર સુધી ચાલતા જવામાં તકલીફ ગામના સરપંચ દ્વારા રસ્તો દેખાવ પુરતો બનાવામાં આવ્યો છે. ભૈરવ દાદાના દર્શન કરવા આવેલાં ભક્તોને બે કિ.મી. ચાલવું પડે છે. વચ્ચે આવતા ખેતરો વાળા લોકો રસ્તાઓ બ્લોક કરીદે છે. મંદિરની બાજુ રહેતા લોકોને રોજનો અવર-જવરમાં ખરાબ રસ્તાનો સામનો કરવો પડે છે. ટેક્ટ્રર જેવા મોટા સાધનો લાવવાના કઈ બાજુ હવે થોડા દિવસોમાં કાળી ચૌદસ આવે છે. ત્યારે હજારો લોકો ભૈરવ દાદાના દર્શન કરવા આવતા હોય છે. ત્યારે રસ્તો સાફ કરવામાં આવતી નથી.

# ગોધરા સાયન્સ કોલેજ સુદર્શન સોસાયટીમાં રહેતા મહિલાને વિશ્વાસમાં લઈ ૨૩૫ ગ્રામ સોનુ પરત નહિ આપતાં આરોપી વિરૂદ્ધ ફરિયાદ

ગોધરા,
ગોધરા સાયન્સ કોલેજ રોડ સુદર્શન સોસાયટીમાં રહેતા મહિલાને વિશ્વાસમાં લઈ ૨૦૧૮માં આરોપીએ ૩૦૦ ગ્રામ સોનુ નહિ આપી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેરના સાયન્સ કોલેજ રોડ સુદર્શન સોસાયટીમાં રહેતા પ્રિયંકાબેન ચેતનભાઈ શાહને વિશ્વાસમાં લઈ આરોપી મિતુલકુમાર હસમુખલાલ સોનીએ ૩૦૦ ગ્રામ સોનુ લીધેલ હતું. પ્રિયંકાબેન એ આરોપી પાસેથી અવારનવાર સોનાની માંગણી કરતા ૬૫ ગ્રામ સોનુ પરત આપી બાકી રહેલ ૨૩૫ ગ્રામ આશરે કિંમત રૂપીયા ૮,૯૩,૦૦/- સોનુ પરત નહિ આપી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી ગુન્હો કર્યાની ફરિયાદ ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી છે.